# એકમ : ૧ શબ્દરચના અને શબ્દવિનિયોગ

**પ્રકરણની રૂપરેખા**


૧.૧. હેતુઓ

૧.૨. પ્રસ્તાવના

૧.૩. શબ્દ અને તેની રચના

 ૧.૩.૧ શબ્દ

 ૧.૩.૨ રચના

 ૧.૩.૩ અંગસાધન

 ૧.૩.૪ પદસાધન

 *તમારી પ્રગતિ ચકાસો-૧

૧.૪. શબ્દનો વિનિયોગ

 ૧.૪.૧ સામાન્ય સંદર્ભ

 ૧.૪.૨ સમાસ

 ૧.૪.૩ રૂઢશબ્દ

 ૧.૪.૪ રૂઢિપ્રયોગો

 ૧.૪.૫ કહેવતો

 *તમારી પ્રગતિ ચકાસો-૨

૧.૫. સારાંશ

૧.૬. ચાવીરૂપ શબ્દો

૧.૭.૧ તમારી પ્રગતિ ચકાસો - ૧ના જવાબો

૧.૭.૨ તમારી પ્રગતિ ચકાસો - ૨ના જવાબો

૧.૮. કેટલાંક ઉપયોગી પુસ્તકો

૧.૯. સ્વાધ્યાય


## ૧.૧. હેતુઓ

આ એકમના અભ્યાસ પછી તમે

- શબ્દનો વિભાવ સમજી શકશો.
- શબ્દની રચના કેવી રીતે થાય છે તે સમજી શકશો.
- વ્યવહારમાં અને સંભાષણમાં શબ્દનો વિનિયોગ કઈ રીતે થાય છે તે સમજી શકશો.

## ૧.૨. પ્રસ્તાવના –

માનવબાળ જન્મની સાથે જ ભાષા પ્રાપ્ત કરવાની ક્ષમતા લઈને જન્મે છે. એક વાર ભાષા પ્રાપ્ત કર્યા પછી ભાષા માનવના વ્યક્તિત્વનો અંતરંગ ભાગ બની જાય છે; એટલે જ ભાષા



ignou THE PEOPLE'S UNIVERSITY

વિશે જાણવાનો ભાષક સભાનપણે પ્રયાસ કરતો નથી, પરંતુ ભાષા વિશે અભ્યાસ કરતી વખતે ભાષાની સંરચના જાણવી જરૂરી છે અને તે માટે તેના ઘટકોનો અભ્યાસ કરવો જરૂરી છે. શબ્દને ઘટક તરીકે કોઈ પણ ભાષક ઓળખી શકે છે, તેથી શબ્દની રચનાનો અભ્યાસ ભાષાના અભ્યાસના કેન્દ્રમાં રહેલો છે. શબ્દનો અભ્યાસ પણ અનેક પાસાંઓથી શક્ય છે, પરંતુ સૌ પ્રથમ તેના સ્વરૂપને સમજવું પડે અને પછી તેનો અભ્યાસ કરવો પડે.

## ૧ઃ૩. શબ્દ અને તેની રચના

### ૧ઃ૩.૧. શબ્દ

સૌ પ્રથમ તો શબ્દ કોને કહેવાય ? ભાષાના ઉચ્ચરિત અને લેખિત બંને સ્વરૂપમાં શબ્દને અલગ-અલગ રીતે તપાસવો પડે. ઉચ્ચારણમાં ભાષક બે શબ્દો વચ્ચે અટકતો નથી, પરંતુ અર્થ સમજીને એક શબ્દથી બીજા શબ્દને અલગ પાડે છે અને લેખનમાં ભાષક બે શબ્દ વચ્ચે જગ્યા રાખે છે, તેથી બે ખાલી જગ્યા વચ્ચે આવેલા ઘટકને શબ્દ કહેવાય. ભાષક શબ્દની સાથે શું લખવું અને શબ્દથી અલગ શું લખવું એમાં પણ અલગ-અલગ રીત અપનાવે છે. જેમ કે; હિંદી ભાષક વિભક્તિ પ્રત્યયો અને અનુગો બંનેને નામથી અલગ લખે છે, પરંતુ વિભક્તિ પ્રત્યયો સર્વનામોની સાથે જ લખે છે. (દા. ત. ने, परंतु, उसना); પરંતુ ગુજરાતી ભાષક વિભક્તિ પ્રત્યયો નામની સાથે લખે છે અને નામયોગી અલગથી લખે છે (દા.ત. છોકરામાં અને છોકરા પર.) જ્યારે મરાઠી ભાષક એ બંનેને નામની સાથે જ લખે છે. (દા. ત. मुलगाची અને टेबलावर). આમ, લેખનમાં શબ્દના વિભાવમાં ભાષાએ ભાષાએ ભેદ જોવા મળે છે.

* શબ્દનો વિભાવ – ભાષક શબ્દને તેના અર્થથી ઓળખે છે. જે બધા જ વપરાશોમાંથી તારવેલો સામાન્યીકૃત વિભાવ દર્શાવે તે શબ્દ. શબ્દરચનાની તપાસ વિવિધ અભિગમથી કરવી જોઈએ. શબ્દનું ઘડતર સામાન્ય રીતે બે દૃષ્ટિએ તપાસી શકાય. એક તો ભાષામાં નવા-નવા શબ્દો કઈ રીતે બને છે તેની તપાસ કરી શકાય, અને એક નવો શબ્દ બન્યા પછી તેને કોઈ વાક્યનો ભાગ બનવા માટે કઈ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે તેની તપાસ નવો શબ્દ જે પ્રક્રિયાથી બને છે તેને 'અંગસાધન'ની પ્રક્રિયા કહેવાય

છે. 'અંગસાધન'થી શબ્દ-ઘડતર થાય છે. શબ્દ ભાષામાં અનેક રીતે ઘડાય છે. શબ્દ સંસ્કૃત, ફારસી કે અંગ્રેજી જેવી ભાષાઓમાંથી સીધેસીધો તે જ સ્વરૂપે પ્રચલિત થઈ શકે અથવા તેના સ્વરૂપમાં સહેજ પરિવર્તન સાથે પ્રચલિત થઈ શકે અથવા સ્થાનિક લોકોમાં પ્રચલિત એવો દેશ્ય શબ્દ પણ હોઈ શકે. દા. ત. 'એન્જિનિયર' શબ્દ અંગ્રેજીમાંથી ગુજરાતીમાં પ્રચલિત થયો. તો તે જ સ્વરૂપે હોવાને કારણે તે તત્સમ્ શબ્દ તરીકે ઓળખાય છે, પરંતુ તેનું 'ઈજનેર' સ્વરૂપ તદ્ભવ શબ્દ કહી શકાય પણ સામાન્ય ભાષકને શબ્દની વ્યુત્પત્તિની ખાસ જિજ્ઞાસા હોતી નથી.

### ૧.૩.૨ રચના

ભાષામાં વિવિધ પ્રક્રિયાઓ દ્વારા નવા-નવા શબ્દો ઘડાતા હોય છે. આ પ્રક્રિયાઓની સમજ ભાષાના અભ્યાસમાં ઉપયોગી થાય છે. આમાંની કેટલીક પ્રક્રિયાઓ તપાસીએ.

* **પ્રત્યયીકરણ** – પ્રત્યયો લાગીને ભાષામાં નવા-નવા શબ્દો ઘડાતા હોય છે. જેમ કે; 'ઉપયોગી – બિનઉપયોગી.' અહીં 'ઉપયોગી' એવા વિશેષણને 'બિન' એવો પૂર્વ પ્રત્યય લાગીને 'બિનઉપયોગી' એવું નવું વિશેષણ બને છે. આવા પ્રત્યયો શબ્દની પહેલાં કે પછી લાગી શકે છે. જો તે પહેલાં લાગે તો તેને 'પૂર્વ પ્રત્યય' કહેવાય છે અને પછી લાગે તો 'પર પ્રત્યય' કહેવાય છે. જેમ કે; 'અનંત'માં પૂર્વ પ્રત્યય ('અન્') લાગ્યો છે, પરંતુ 'આળસ-આળસુ'માં પરપ્રત્યય લાગ્યો છે. વળી 'અંત-અનંત' એ બંને શબ્દો સંજ્ઞા દર્શાવે છે, 'અન્' એવો પૂર્વ પ્રત્યય 'અંત' શબ્દનો વ્યાકરણિક મોભો બદલતો નથી, જ્યારે 'આળસ'ને લાગતો 'ઉ' પર પ્રત્યય સંજ્ઞા પરથી વિશેષણ બનાવે છે. તે શબ્દનો વ્યાકરણિક મોભો બદલી નાંખે છે. આમ રચનાની દૃષ્ટિએ 'પૂર્વ પ્રત્યય' અને 'પર પ્રત્યય' એવા બે પ્રકારના પ્રત્યયો છે જેને ફરીથી 'વ્યાકરણિક મોભો બદલનાર' અને 'વ્યાકરણિક મોભો ન બદલનાર' એમ બે વિભાગમાં વહેંચી શકાય છે.

* **સમાસીકરણ** – ઘણી વાર બે સ્વતંત્ર અર્થ ધરાવતા શબ્દોને ભેગા કરી એક શબ્દ બનાવવામાં આવે છે. જેમ કે; દહીં અને વડાં. અહીં દહીંમાં આથેલાં વડાં એવો અર્થ દર્શાવવા માટે દહીંવડાં એવો સમાસ કરીને એક શબ્દ બનાવવામાં આવે છે. ભાષામાં વિવિધ પ્રકારના સમાસો દ્વારા નવા-નવા શબ્દો બનાવવામાં આવે છે. ગુજરાતી

ભાષામાં દ્વંદ્વ સમાસ (રામ-લક્ષ્મણ, રાધાકૃષ્ણ), તત્પુરુષ સમાસ (લોકહિત, ]

* **કતરણ** – ઘણી વાર મોટા શબ્દો વ્યવહારમાં અનુકૂળ આવતા નથી. તેથી ભાષકો એમાંથી કાપીને નાના બનાવી તેને નવા શબ્દ તરીકે પ્રચલિત કરે છે. દા.ત. 'વાલપાપડી' જેવા શબ્દમાંથી 'પાપડી' કે 'જપમાળા' જેવા શબ્દમાંથી માત્ર 'માળા' જેવા શબ્દો વ્યવહારમાં પ્રચલિત થાય છે.

* આદ્યવર્ણીકરણ અને પરિવર્ણીકરણ (Acronym-Abbrevivatoin) – કોઈ એક વ્યક્તિ, સંસ્થા, પદાર્થ કે વિભાવ માટે બે કે બેથી વધુ શબ્દો પ્રયોજાય તો વ્યવહારમાં એવા લાંબા શબ્દોનો પ્રયોગ કરવો ફાવતો નથી. તેથી તેનું સંક્ષેપીકરણ કરવા આ બધાં જ શબ્દોમાંથી પ્રથમ અક્ષર લઈને એક નવો જ શબ્દ બનાવવામાં આવે છે. અંગ્રેજીમાં આ શબ્દોનું પ્રચલન વિશેષ જોવા મળે છે, અને એના સંક્ષિપ્ત શબ્દો ઉછીના લઈને પણ એ જ સ્વરૂપે ભાષામાં વપરાશમાં આવે છે. દા.ત. એઈડ્સ (A.I.D.S.), હૂ (W.H.O.), ગુજરાતીમાં સંક્ષેપમાં જેમ કે; B.Ed.નો ઉચ્ચાર બી.એડ કરાય તે બેડ નહિ. પણ આ પ્રવાહ વિકસ્યો છે જેમ કે; ન.મો. (નરેન્દ્ર મોદી), રા. ગાં. (રાહુલ ગાંધી).

* **સંકરણ** – ક્યારેક બે શબ્દોના અડધા અડધા શબ્દો ભેગા કરી તેમાંથી એક શબ્દ બનાવીને વપરાવા લાગે છે. દા.ત. 'ચાકુ' અને 'ચપ્પુ'માંથી 'ચક્કુ', 'મુક્કી' અને 'ધક્કો'માંથી 'મુક્કો', 'મેલવું' ને 'મૂકવું'માંથી 'મેકવું' જેવા નવા શબ્દો બને છે.

* **શોધખોળ** – નવી શોધખોળોને કારણે પણ ભાષામાં નવા શબ્દો બને છે. જેમ કે, કોમ્પ્યૂટર, સીડી, એક્સરે જેવા શબ્દો ગુજરાતી શબ્દો જ બની ગયા છે.

* **પુનરાવર્તન** – એકનો એક શબ્દ પુનરાવર્તિત કરી નવો શબ્દ બનાવાય છે. જેમ કે; ટનટન, ખટખટ, ગટગટ. આવા શબ્દો ઘણી વાર અનુરણનાત્મક હોય છે. એ ઉપરાંત પુનરાવર્તનમાં સહેજ ફેરફાર કરીને પણ નવા શબ્દો બને છે. જેમ કે; કાપકૂપ, ફાસફૂસ, ટાપટીપ વગેરે. ક્યારેક પ્રાસ બેસાડવા પણ નવા શબ્દો ઘડાય છે, જેમ કે,

વાસણ-કૂસણ, સાંકડ-માંકડ, ગોટ-પોટ વગેરે.

### ૧ઃ૩ઃ૩ અંગસાધન

* આમ, ભાષામાં અનેક પ્રક્રિયાઓ દ્વારા નવા-નવા શબ્દો બનતા જ રહે છે. આ નવા શબ્દો બનાવવાની પ્રક્રિયાને અંગસાધનની પ્રક્રિયા કહેવાય છે.

* અંગસાધનની પ્રક્રિયામાં પ્રત્યયીકરણની પ્રક્રિયા સૌથી વધુ ઉત્પાદક છે. પૂર્વ-પ્રત્યયો કે પર-પ્રત્યયો લાગીને નવાનવા શબ્દો બનતા રહે છે. આ પ્રત્યયો ગુજરાતીના પોતાના તેમજ સંસ્કૃત, અરબી, ફારસી જેવી ભાષાઓમાંથી આવેલા પણ હોઈ શકે છે. કેટલાંક ઉદાહરણો જોઈએ –

**પૂર્વ પ્રત્યયો**

દુષ્કાળ, દુષ્કર્મ, અત્યંત, અનુપમ, પ્રતિકૂળ, બેનામ, બદનસીબ, ગેરહાજર, બિનશરતી, અનંત, અડગ, કપૂત, વણમાંગ્યું, અણધાર્યું વગેરે

**પર પ્રત્યયો**

ગોખલો, મોરલો, નાનકડું, સારપ, ખારાશ, ઘડતર, છોકરમત, ભોળપણ, સજાવટ, દળામણ, દમિયલ, અમલદાર, ધનવાન, પટાવાળો, રમતિયાળ, હેતાળ, આળસુ, જંગલી વગેરે.

### ૧.૩.૪ પદસાધન

**પદસાધન** - એક વાર શબ્દ બન્યા પછી ઉક્તિમાં તેનો ઉપયોગ કરવો હોય તો તેને લિંગ, વચન અને વિભક્તિના પ્રત્યયો સંદર્ભ પ્રમાણે લગાડવામાં આવે છે. આ લિંગ, વચન અને વિભક્તિના પ્રત્યયોને ‘પદસાધન’ના પ્રત્યયો કહેવાય છે અને આ પ્રક્રિયાને ‘પદસાધન’ની પ્રક્રિયા કહેવાય છે. આ પ્રત્યયો લાગવાથી શબ્દનું સંદર્ભ પ્રમાણેનું વૈકલ્પિક સ્વરૂપ બનાવાય છે. જેમ કે; ‘છોકરો’ એવા શબ્દના નીચેનાં વાક્યોમાં વિવિધ સ્વરૂપો મળે છે.

છોકરો દોડે છે.

છોકરાને દોડવું છે.

છોકરાની દોડ સારી છે.

છોકરામાં દોડવાની સમજ છે.

આ બધાં જ વાક્યોમાં ‘છોકરો’ શબ્દના વિવિધ સ્વરૂપોનો ઉપયોગ થયો છે.

એ જ રીતે 'દોડ' એવા ધાતુના પણ ઉપરનાં વાક્યોમાં વિવિધ સ્વરૂપો મળે છે – જેવા કે 'દોડે', 'દોડવું', 'દોડ', 'દોડવાની' વગેરે. આ બધા જ અલગ-અલગ શબ્દો છે કારણ કે તેઓ બે ખાલી જગ્યા વચ્ચે લખાયા છે. આમ પદસાધનની પ્રક્રિયાથી શબ્દનું નવું સ્વરૂપ ઘડાય છે. પદસાધનની પ્રક્રિયા બે પ્રકારની છે – નામિક અને આખ્યાતિક. નામિક પ્રક્રિયામાં લિંગ, વચન અને વિભક્તિના પ્રત્યયો લાગે છે અને આખ્યાતિક પ્રક્રિયામાં કાળ, અર્થ, અવસ્થા તેમજ પુરુષ-વચન અને લિંગ-વચનના પ્રત્યયો લાગે છે. આ પ્રક્રિયાને વિગતે સમજીએ.

* **લિંગ અને વચન** – ગુજરાતીમાં લિંગ અને વચન નામનાં લક્ષણો છે. કોઈ પણ પદાર્થ કે વિભાવ સૂચવવા માટે નામનો ઉપયોગ થાય છે. આ નામ વ્યક્ત રીતે કે અવ્યક્ત રીતે લિંગ અને વચન સૂચવે જ છે. વ્યક્ત લિંગ સૂચક પ્રત્યયો આ મુજબ છે –

| | |
|---|---|
| ઓ – પુલ્લિંગ એકવચન | આ – પુલ્લિંગ બહુવચન |
| ઇ – સ્ત્રીલિંગ એકવચન | ઈ કે આ – સ્ત્રીલિંગ બહુવચન |
| ઉ – નપુંસકલિંગ એકવચન | આં – નપુંસકલિંગ બહુવચન |

જેમ કે 'છોકર' એવા નામના નીચે મુજબ રૂપો બને –

છોકરો – છોકરા

છોકરી – છોકરી

છોકરું – છોકરાં

કેટલાંક નામને વ્યક્ત રીતે લિંગના પ્રત્યયો લાગતા નથી પરંતુ તેમાં અવ્યક્ત રીતે લિંગ રહેલું જ હોય છે. જેમ કે;

ગામ – નપુંસકલિંગ

હાથ – પુલ્લિંગ

જીભ – સ્ત્રીલિંગ

આમ, લિંગ-વચનના પ્રત્યય પહેલાં લાગીને નામનું રૂપ તૈયાર થાય પછી તેને પદસાધનના પ્રત્યયો લાગે છે. પદસાધનના પ્રત્યયો બે પ્રકારના હોય છે – નામને લાગે તે નામિક અને આખ્યાત (ક્રિયાપદ)ને લાગે તે આખ્યાતિક.

* નામને લિંગ અને વચનના પ્રત્યયો લાગ્યા પછી વિભક્તિના પ્રત્યયો લાગે છે. ગુજરાતીમાં

વિભક્તિ પ્રત્યયો છ છે. તે નીચે મુજબ છે – 

**૦ – શૂન્ય પ્રત્યય**

**એ પ્રત્યય**

**થી પ્રત્યય**

**માં પ્રત્યય**

**ને પ્રત્યય**

**ન-(નો, ની, નું, ના, નાં) પ્રત્યય / આર પ્રત્યય**

જેમ કે; 'છોકર' નામના નીચે મુજબ શબ્દો બનશે –

છોકર + ઓ + ૦ = છોકરો

છોકરો + એ = છોકરાએ

છોકરો + થી = છોકરાથી

છોકરો + માં = છોકરામાં

છોકરો + ને = છોકરાને

છોકરો + નો = છોકરાનો (છોકરીની, છોકરાનું, છોકરાના, છોકરાંના)

(હું + આર = મારું)

* **આખ્યાતિક પ્રત્યયો** – એ જ રીતે ક્રિયાપદને લાગતાં (આખ્યાતિક) પ્રત્યયોમાં કાળ, અર્થ અને અવસ્થા ઉપરાંત પુરુષ-વચન કે લિંગ-વચનના પ્રત્યયોનો સમાવેશ થાય છે. ગુજરાતીમાં ભવિષ્યકાળ અને વર્તમાનકાળ પુરુષ-વચનના પ્રત્યયો લે છે અને ભૂતકાળ લિંગ-વચનના પ્રત્યયો લે છે. જેમ કે; 'દોડ' ધાતુ પરથી બનતાં વર્તમાન અને ભવિષ્યકાળનાં રૂપો નીચે પ્રમાણે છે –

**વર્તમાનકાળ –**

| | એકવચન | બહુવચન |
|---|---|---|
| પહેલોપુરુષ | – દોડું (છું) | દોડીએ (છીએ) |
| બીજોપુરુષ | – દોડે (છે) | દોડો (છો) છે. |
| ત્રીજોપુરુષ | – દોડે (છે) | દોડે (છે) |

**ભવિષ્યકાળ –**

| | એકવચન | બહુવચન |
|---|---|---|
| પહેલોપુરુષ | – દોડીશ | દોડીશું |
| બીજોપુરુષ | – દોડશે | દોડશો |
| ત્રીજો પુરુષ | – દોડશે | દોડશે |

ભૂતકાળ –

| એકવચન | બહુવચન |
|---|---|
| પુલ્લિંગ દોડ્યો | દોડ્યા |
| સ્ત્રીલિંગ દોડી | દોડી-દોડ્યાં |
| નપુંસકલિંગ દોડ્યું | દોડ્યાં |

આ ઉપરાંત પૂર્ણ, અપૂર્ણ અને આગામી અવસ્થા સૂચવનાર આખ્યાતિક પ્રત્યયો પણ કૃદંતનાં રૂપો બનાવી નવા શબ્દો બનાવે છે, જેમ કે, અપૂર્ણાવસ્થા સૂચવતો 'ત' પ્રત્યય લઈ દોડતો, દોડતી, દોડતું જેવા શબ્દો, કે પૂર્ણાવસ્થા સૂચવતો 'ય' કે 'એલ' પ્રત્યય લઈ બનતા શબ્દો જેવા કે; દોડેલો, દોડેલી અને આગામી અવસ્થા સૂચવતા પ્રત્યયો 'વાન' કે 'નાર' લઈ બનતા નવા શબ્દો જેવા કે દોડવાનો, દોડવાની કે દોડનાર, દોડનારો, દોડનારી જેવા શબ્દો.

આમ, ભાષામાં નવા-નવા શબ્દો બનવાની પ્રક્રિયા સતત ચાલતી જ હોય છે. અંગસાધનની પ્રક્રિયાથી નવા-નવા અંગો બને છે અને એક વાર અંગ બન્યા પછી ઉક્તિના ભાગ બનવા માટે નામિક કે આખ્યાતિક પદસાધનના પ્રત્યયો લાગીને પદ બને છે અને પરિસ્થિતિને અનુરૂપ શબ્દ બને છે.

***તમારી પ્રગતિ ચકાસો –૧**

(૧) નામ પરથી વિશેષણ બનાવતા કોઈ પણ ૩ (ત્રણ) પ્રત્યયો ઉદાહરણ સાથે દર્શાવે

(૨) વિશેષણ પરથી નામ બનાવતાં કોઈ પણ ૩(ત્રણ) પ્રત્યયો ઉદાહરણ સાથે દર્શાવો

(૩) કોઈ પણ પાંચ સમાસના નામ આપી પ્રત્યેકનાં બે-બે ઉદાહરણો આપો.

(૪) ગુજરાતી ભાષાના લિંગવચનના પ્રત્યયો દર્શાવો અને તેના ઉદાહરણો આપો.

(૫) ગુજરાતી ભાષામાં વિભક્તિ પ્રત્યયો કેટલા છે તે દર્શાવી તેનાં ઉદાહરણો આપો.

## ૧:૪. શબ્દનો વિનિયોગ

એક વાર શબ્દની રચના થાય પછી વ્યવહારમાં તેનો ઉપયોગ કઈ રીતે થાય છે તે જાણવું પણ જરૂરી છે.

૧:૪.૧ **સામાન્ય સંદર્ભ** – ભાષક શબ્દ નામના ઘટકને તેની ભાષાકીય આંતરસૂઝથી ઓળખે છે, એટલે શબ્દનો વિનિયોગ બહુ સરળતાથી કરી શકે છે. ભાષક શબ્દનો અને એના વૈકલ્પિક સ્વરૂપોનો તો વાક્યમાં ઉપયોગ કરે જ છે, પરંતુ અન્ય રચનાઓમાં પણ તેનો

વિનિયોગ કરે છે અને તેના કથયિતવ્યને સચોટ બનાવે છે. તે સમાસ, રૂઢ પ્રયોગ, રૂઢિપ્રયોગ અને કહેવતોમાં પણ શબ્દોનો ઉપયોગ કરે છે અને લાઘવથી અને સચોટ રીતે તેને જે કહેવાનું છે તે રજૂ કરે છે.

૧.૪.૨ **સમાસ** સામાસિક શબ્દ એક જ શબ્દ હોઈ શબ્દના સ્તરે તેની સમજ કેળવવી જરૂરી છે. અંગસાધન કે પદસાધનની પ્રક્રિયા કરતાં સમાસની પ્રક્રિયા અલગ છે. અંગસાધન અને પદસાધનમાં એક પૂર્વ કે પર પ્રત્યય અને અન્ય સ્વતંત્ર અર્થ ધરાવતો શબ્દ કે રૂપ હોય છે. આ બંને ભેગા મળી એક નવો શબ્દ બને છે. કોઈ એક ઘટના કે પરિસ્થિતિનું લંબાણથી વર્ણન કરવા કરતાં તેને એક સામાસિક શબ્દ દ્વારા લાઘવથી અને સચોટ રીતે પહોંચાડી શકાય છે. સમાસ વિશેની પ્રાથમિક સમજ આપણે ઉપર જોઈ જ છે.

૧.૪.૩ **રૂઢ શબ્દ** – અવગમન ઉપરાંત ભાષાનું એક મહત્ત્વનું કાર્ય અભિવ્યક્તિનું છે. સચોટ અભિવ્યક્તિ માટે માત્ર વ્યાકરણનું જ્ઞાન પૂરતું નથી પરંતુ ભાષામાં વપરાતા કેટલાક શબ્દો ચોક્કસ સંદર્ભમાં જ ઉપયોગમાં લેવાય છે. આ સંદર્ભો પાછળ અનેક સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભો રહેલા હોય છે જે એ શબ્દોને લાઘવપૂર્ણ રીતે વધુ સચોટ અને સોંસરા ઊતરી જાય તેવા બનાવે છે. કોઈ દંતકથા કે મહાકાવ્યોનાં પાત્રો અથવા ક્યારેક કોઈ ખૂબ લોકપ્રિય ફિલ્મનાં પાત્રો પણ આ માટે ઉપયોગમાં લેવાય છે. ઉદાહરણ તરીકે કોઈ વ્યક્તિનો સ્વભાવ ટીખળ કરીને ઝઘડાવવાનો હોય તો તેને માટે 'નારદ' શબ્દ વપરાય છે. 'એ તો નારદ છે' એવું કહેતાં જ એના સ્વભાવ વિશે વધુ કહેવાની જરૂર રહેતી નથી. એ જ રીતે કોઈ વ્યક્તિનો સ્વભાવ ખૂબ ગુસ્સાવાળો હોય તો તેના માટે 'દુર્વાસા' શબ્દ પણ વપરાય છે. આજના સમયમાં જાહેર માધ્યમોના વધુ પડતા ઉપયોગને કારણે આવા શબ્દોનો પ્રચાર અને પ્રસાર પણ ખૂબ ઝડપથી થાય છે. આવા શબ્દોમાં નારદ, દુર્વાસા ઉપરાંત ગણપતિ, સતી સાવિત્રી, બાહુક, ચમચો, ચારસોવીસ, કડકો, મુન્નાભાઈ, શીલા, ટપોરી, ધોબીનો કૂતરો અને દસમો ગ્રહ જેવા રૂઢ શબ્દોને શમાવી શકાય.

૧.૪.૪ **રૂઢિપ્રયોગો** – રૂઢિપ્રયોગો અને કહેવતો અનુભવના નિચોડમાંથી ઉદ્ભવે છે. એટલે જ ખૂબ સોંસરાં ઊતરી જાય છે. રૂઢિપ્રયોગમાં વપરાતા શબ્દો પરંપરાથી પ્રાપ્ત તેના મૂળ અર્થમાં ઉપયોગમાં લેવાતા નથી, પરંતુ તેનો વાચ્યાર્થ છોડી લાક્ષણિક કે માર્મિક અર્થમાં ઉપયોગમાં લેવાય છે અને એટલે જ પરંપરાથી પ્રાપ્ત જ્ઞાન રૂઢિપ્રયોગના સ્વરૂપે સઘન થઈ આવનારી અનેક પેઢીઓ સુધી પહોંચે છે.

રૂઢિપ્રયોગો આમ તો શબ્દોના સમૂહ રૂપે જ અસ્તિત્વ ધરાવે છે, પરંતુ તે સમૂહ પોતે એક ક્રિયાપદ થઈ કોઈ આખી પરિસ્થિતિને સૂચવે છે. તેમાં આવતા શબ્દો પોતાનો અર્થ ત્યજી સમૂહમાં એક નવો જ અર્થ દર્શાવે છે. ઉદાહરણ તરીકે 'હાથ પીળા કરવા' એવા રૂઢિપ્રયોગને સમજીએ. આમાં વપરાતા શબ્દો 'હાથ', 'પીળું' અને 'કરવું' એ ત્રણે શબ્દો પોતાનો મૂળ અર્થ અહીં ધરાવતા નથી, પરંતુ તેની પાછળ રહેલો સંદર્ભ સમજીએ તો જ એનો અર્થ સમજાય. લગ્ન સમયે પીઠી ચોળી હાથ પીળા કરવામાં આવતા હોઈ એ આખા સંદર્ભને કારણે 'લગ્ન કરવા' એ અર્થમાં 'હાથ પીળા કરવા' એમ વપરાય છે, એટલે રૂઢિપ્રયોગમાં આવતા શબ્દોના અર્થને આધારે એ સમગ્ર રૂઢિપ્રયોગનો અર્થ અનુમાની શકાતો નથી, પરંતુ સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભોના આધારે એના અર્થનું અનુમાન કરવામાં આવે છે. આમ, રૂઢિપ્રયોગોના ઉપયોગથી ભાષાની પ્રભાવકતા વધે છે અને અભિવ્યક્તિ કલાત્મક બને છે. આમ, રૂઢિપ્રયોગમાં આવતું શબ્દોનું જૂથ એક એકમ તરીકે વર્તે છે અને ભાષાની સર્જનાત્મકતા અને કલાત્મકતા દર્શાવે છે. આ પ્રયોગોને હિંદીમાં 'મુહાવરા' અને અંગ્રેજીમાં 'ઈડિયમ' કહેવાય છે. તેમાં ભાષાસમાજની સંસ્કૃતિ અને સભ્યતાનાં દર્શન થાય છે. કોઈ પણ બે ભાષાસમાજના રીત-રિવાજ, માન્યતાઓ કે આચારવિચાર સમાન હોતા નથી એટલે રૂઢિપ્રયોગોનું ભાષાંતર કરવું સરળ નથી.

અનેક પ્રકારના રૂઢિપ્રયોગો ભાષામાં હોય છે. સચોટ રીતે અર્થ પહોંચાડવા વપરાતા હોવાથી તે આસપાસના વાતાવરણ પર આધારિત વિષયો પર વધુ પ્રમાણમાં જોવા મળે છે. તેમને નીચે પ્રમાણે વર્ગીકૃત કરી શકાય –

૧. શરીરનાં અંગોને લગતા – દાંતે લાગવું, પગ ઉપાડવા, ચોટલી પકડવી, જીભ કચડવી

૨. ઇન્દ્રિયોને લગતા – આંખ ઊઘડવી, જીભ લાંબી હોવી, કાન પકડવા, નાક ચડાવવું, ચામડીનાં જૂતાં કરવાં.

૩. પશુ-પક્ષીને લગતા – કાગડાએ દહીંથરું લઈ જવું, શિંગડાં ભરાવવાં, પૂંછડું પકડવું, વાંદરાને નિસરણી આપવી, કાગનો વાઘ કરવો.

૪. રંગોને લગતા – લાલ-પીળા થઈ જવું, ગુલાબી મિજાજના હોવું, કાળું કરવું, લીલોતરી હોવી.

૫. સામાજિક માન્યતાને લગતા – સો ટચનું સોનું હોવું, લંકા જીતવી, ઈડરિયો ગઢ જીતવો.

૬. વિરોધી અર્થ દર્શાવતા – ઉપર-તળે થવું, કાળું-ધોળું કરવું, દહીંમાં અને દૂધમાં પગ રાખવો.

૭. મુદ્રાનું વર્ણન કરતા – માથું ધુણાવવું, મોં પર આંગળી મૂકવી, નખ કરડવા.

૮. વાનગીઓ દર્શાવતા – મનમાં લાડવા વાળવા, લાપસી પીરસવી, જે પાણીએ મગ ચડે તે પાણીએ ચડાવવા.

૯. રાંધવાની પદ્ધતિ દર્શાવતા – ઊકળી ઊઠવું, બાફી નાંખવું, વઘારી નાખવું, કાચું કાપવું.

૧૦. સામાજિક વ્યવહાર દર્શાવતા – છાપે ચડવું, પાઘડી ઉતારવી, દૂધે ધોઈને આપવું.

આ ઉપરાંત પણ અન્ય અનેક પ્રકારના રૂઢિપ્રયોગો ભાષામાં ઉપલબ્ધ હોય છે.

### ૧.૪.૫ કહેવતો

કહેવતો પણ ભાષકોના અનુભવનો નિચોડ જ હોય છે અને તે પણ અવાંતર પેઢીઓ સુધી અનુભવના જ્ઞાનને પહોંચાડવામાં મદદ કરે છે. જેમ રૂઢિપ્રયોગો પરિસ્થિતિનું વર્ણન કરતા હોવાથી ક્રિયાપદ સ્વરૂપે હોય છે તેમ કહેવતો દષ્ટાંતરૂપે હોવાથી વાક્ય સ્વરૂપે અથવા સૂક્તિ સ્વરૂપે હોય છે (ઉદાહરણ તરીકે; મારે તેની તલવાર). સામાન્ય રીતે તે નીતિવિષયક ખ્યાલો પર આધારિત હોય છે. પરંપરાથી પ્રાપ્ત ડહાપણ અને સત્યવિષયક ખ્યાલો રજૂ કરે છે. તે સૂક્તિ સ્વરૂપે હોવાથી ઝડપથી યાદ રહી જાય તેવી હોય છે. તેનું સ્વરૂપ ટૂંકું અને સરળ હોવાથી ક્યારેક સૂત્રાત્મક પણ હોય છે.

અને આચારસંહિતા તરીકે પણ ઉપયોગમાં લઈ શકાય તેવું હોય છે. (ઉદાહરણ તરીકે નમે તે સૌને ગમે). રૂઢિપ્રયોગો માત્ર માર્મિક કે લાક્ષણિક અર્થો જ દર્શાવે છે જ્યારે કહેવતો બંને પ્રકારના અર્થ દર્શાવી શકે છે. (ઉદાહરણ તરીકે; ઝાઝા હાથ રળિયામણા, ઘેર ઘેર માટીના ચૂલા). કહેવતોમાં રૂપકનું સ્વરૂપ વધુ પ્રચલિત છે. વક્તા પોતાના કથનને નમ્રતાપૂર્વક અને સાથે-સાથે ભારપૂર્વક રજૂ કરવા માટે કહેવતોનો ઉપયોગ કરે છે. કહેવતો વક્તાના વક્તવ્યને સમર્થન આપે છે અને સચોટ સક્ષમ રીતે પહોંચાડે છે. કહેવતો સંભાષણને વધુ જીવંત બનાવે છે. જે-જે ક્ષેત્રોમાં રૂઢિપ્રયોગો મળે છે તે બધાં જ ક્ષેત્રોમાં કહેવતો પણ મળે છે.

૧. શરીરનાં અંગોને લગતી કહેવતો – આંગળીથી નખ વેગળા, આંગળી આપતાં પહોંચો પકડે, નફ્ફટને નાક નહિ ને શોક્યને શરમ નહિ.
૨. ઇન્દ્રિયોને લગતી – આંખનું કાજળ ગાલે ઘસ્યું, કાપ્યા કાન ત્યારે આવી શાન, કાને નહિ કોટે નહિ ને વાલ સોનું હોઠે, નકટે નાકે દિવાળી ને ગધેડા પર સવારી.
૩. પશુ-પક્ષીને લગતી – કાગનું બેસવું ને ડાળનું પડવું, કાગડા બધેય કાળા, સાપ ગયા ને લિસોટા રહ્યા.
૪. રંગોને લગતી – લાલ લાલ હિંગળોક, ધોળા ધોળા બગભગત, ધોળો શંખ ને દૂધે ભર્યો.
૫. સામાજિક માન્યતાને લગતી – સો ટચનું સોનું, ન જાણે જોશી તે જાણે ઘરડી ડોશી, ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે, છાશમાં માખણ જાય ને વહુ ફૂવડ કહેવાય, ડાંગે માર્યા પાણી જુદાં ન પડે.
૬. વિરોધી અર્થ દર્શાવતી – ન દીઠાનું દીઠું ને માર ખીરમાં મીઠું, ન બોલ્યામાં નવ ગુણ, ઉપર હીરા ચકચકે ને ભીતર કીડા કચકચે.
૭. મુદ્રાનું વર્ણન કરતી – દુખે પેટ ને કૂટે માથું, લપસી પડ્યા તો કહે નમસ્કાર કર્યા.
૮. વાનગીઓ દર્શાવતી – એક તો કારેલાં ને ઉપરથી લીમડે ચડાવેલાં, રોટલો મળે પણ ઓટલો ન મળે, ખીચડીમાં ગોળ નહિ ને નાતરામાં ઢોલ નહિ, આપકી તો લાપસી ને પરાઈ કુસકી, ઘી ઢળ્યું તો ખીચડીમાં.
૯. કૌટુંબિક સંબંધો દર્શાવતી – મા વિના સૂનો સંસાર, મોસાળમાં જમવું ને મા પિરસનારી, બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા, ઘડો એવી ઠીકરી ને મા તેવી દીકરી, જમણમાં લાડુ ને સગપણમાં સાઢુ.

આ ઉપરાંત બીજાં અનેક ક્ષેત્રોની કહેવતો મળે છે, જેને વર્ગીકૃત કરી નથી. જીવનનાં દરેક ક્ષેત્રમાંથી કહેવત મળતી હોવાથી તેનું વર્ગીકરણ કરવું સહેલું નથી. કોઈ પણ ક્ષેત્રમાં વર્ગીકરણ કરતાં પહેલાં તેનો ઊંડો અભ્યાસ કરવો જરૂરી છે. કહેવતો કોઈની માલિકીની હોતી નથી. કહેવતોનો અભ્યાસ સદીઓ પુરાણો છે. અંગ્રેજીમાં આ અભ્યાસને પેરેમિયોલોજી (Paremeology) કહે છે. થોડી વધુ કહેવતો જોઈએ.

સૂડી વચ્ચે સોપારી

વૈદ ગાંધીનું સહિયારું

ઝીણો પણ રાઈનો દાણો

અફીણનો જીવડો સાકરમાં ન જીવે

રીઝે તો ચાટે ને ખીજે તો કરડે

સુરતનું જમણ ને કાશીનું મરણ

સુરત સોનાની મૂરત

મારું મારા બાપનું ને તારું મારું સહિયારું

આ ઉપરાંત કેટલીક કહેવતો નકારાર્થક રીતે પણ દર્શાવાય છે. જેમ કે; –

સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય

બીજાનો મહેલ જોઈ પોતાની ઝૂંપડી ન બળાય

ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ ના જાણે

ના બોલ્યામાં નવ ગુણ.

*** તમારી પ્રગતિ ચકાસો-૨**

(૧) કોઈ પણ પાંચ પ્રચલિત રૂઢપ્રયોગોના ઉદાહરણો આપો.

(૨) કોઈ પણ પાંચ રૂઢિપ્રયોગોના ઉદાહરણો આપી તેનો અર્થ સમજાવો.

(૩) કોઈ પણ ત્રણ કહેવતોનાં ઉદાહરણ આપી તેનો યોગ્ય પરિસ્થિતિમાં ઉપયોગ કરી દર્શાવો.

## ૧:૫ સારાંશ

શબ્દનો વિભાવ ભાષાના અભ્યાસમાં ખૂબ મહત્ત્વનો છે. ક્યારેક ભાષા અને શબ્દ એકબીજાના પર્યાય તરીકે પણ વપરાય છે એ દર્શાવે છે કે ભાષકને મન શબ્દ ભાષાનો સૌથી મહત્ત્વનો ઘટક છે. શબ્દની રચના જાણો તો એનો ઉપયોગ કરી શકાય. એટલે શબ્દ-રચનાનો અભ્યાસ ખૂબ જરૂરી છે. પણ માત્ર રચના જાણવાથી એનો ઉપયોગ

કરી શકાતો નથી. તેથી વાતચીતમાં અને સામાન્ય સંભાષણમાં તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે તેના વિવિધ વપરાશોનો અભ્યાસ પણ જરૂરી છે. ભાષાના વિનિયોગમાં રૂઢ પ્રયોગો, રૂઢિપ્રયોગો અને કહેવતોનું અનોખું સ્થાન હોય છે. એ બધાં જ શબ્દના વિનિયોગથી જ ઉદ્‌ભવે છે. તે તેના ભાષાસમાજની જ મૂડી છે અને તે ભાષાસમાજના સંદર્ભમાં જ યોગ્ય અર્થની નિષ્પત્તિ કરે છે અને અભિવ્યક્તિ જીવંત અને સતેજ બને છે.

## ૧.૬. ચાવી રૂપ શબ્દો –

અંગસાધન, પદસાધન, પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, રૂઢપ્રયોગ, રૂઢિપ્રયોગ, કહેવતો.

## ૧.૭.૧ તમારી પ્રગતિ ચકાસોના-૧ના જવાબો

(૧) ઈ-જંગલ-જંગલી, ઉદ્યમ-ઉદ્યમી, - આળસ-આળસુ, જિજ્ઞાસા-જિજ્ઞાસું, ઇક - ધર્મ- ધાર્મિક, સમાજ-સામાજિક

(૨) તા - સુંદર - સુંદરતા, ય - સુંદર - સૌંદર્ય, શ - કાળુ - કાળાશ, તીખું - તીખાશ, વિશેષણ પરથી નામ બનાવતાં કોઈ પણ પાંચ પ્રત્યયો ઉદાહરણ સાથે દર્શાવો.

(૩) (i) તત્પુરુષ સમાસ - ચિંતાગ્રસ્ત, દેવાલય, (ii) મધ્યમપદલોપી - આગગાડી, હાથચાલાકી, (iii કર્મધારય-પરમાત્મા, મહામંત્રી (iv) દ્વિગુ - નવરાત્રી, પંચવટી (v) ઉપપદ - વાંકદેખો, પાણીકળો

(૪) ગુજરાતી ભાષામાં ત્રણ લિંગ અને બે વચન છે. પુંલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ, ગુજરાતી ભાષામાં બે વચન છે - એકવચન અને બહુવચન. ગુજરાતીમાં લિંગ અને વચન એક જ પ્રત્યયથી દર્શાવાય છે, જે આ પ્રમાણે છે -

| | એકવચન | બહુવચન |
|---|---|---|
| | પુંલ્લિંગ ઓ | આ |
| | સ્ત્રીલિંગ ઈ | ઈ કે ઓ |
| | નપુંસકલિંગ ઉ | આં |
| ઉદાહરણ | વાંદરો | વાંદરા |
| | વાંદરી | વાંદરીઓ |
| | વાંદરું | વાંદરાં |

(૫) ગુજરાતી ભાષામાં વિભક્તિ પ્રત્યયો પાંચ છે - એ, ને, થી, માં, ન (નો, ની, નું, ના, નાં).

ઉદાહરણો - શરદે, શરદને, શરદથી, શરદમાં, શરદનો (શરદની, શરદનું, શરતના, શરદનાં)

## ૧.૭. તમારી પ્રગતિ ચકાસો – ૨ના જવાબો

(૧) રૂઢપ્રયોગોનાં પાંચ ઉદાહરણો - નારદ, દુર્વાસા, પંતુજી, વેદિયો, ચમચો

(૨) રૂઢિપ્રયોગોનાં ઉદાહરણો

(i) કાંડાં કાપી આપવાં - કબૂલાત કરી દેવી, લખી આપવું

(ii) તમાચો મારી ગાલ લાલ રાખવા - સુખી હોવાનો દેખાવ કરવો. દેખાડો કરવો

(iii) ઘોળીને પી જવું - ગણકારવું નહીં.

(iv) ચાલતી ગાડીએ ચડી બેસવું - વધુમતીમાં જોડાઈ જવું

(v) તેલ કાઢવું - થાકી જાય એ રીતે કામ લેવું.

(૩) ત્રણ કહેવતોનાં ઉદાહરણ અને તેનો પ્રયોગ -

(i) કાગડા બધે કાળા - ત્યાં પણ લોકો સરકારનું માનતા જ નથી. કાગડા બધે જ કાળા.

(ii) કુમળું ઝાડ વાળીએ તેમ વળે - મીનાએ એના દીકરાને નાનપણથી જ વિનયી બનાવ્યો છે, કુમળું ઝાડ વાળીએ તેમ વળે.

(iii) ધીરજનાં ફળ મીઠાં - રમેશે ખૂબ સંઘર્ષ કર્યો પણ અંતે તેનો ધંધો સારો ચાલ્યો. ધીરજનાં ફળ મીઠાં

## ૧.૮. કેટલાંક ઉપયોગી પુસ્તકો

(૧) ગુજરાતીભાષાનું વ્યાકરણ - ડૉ. યોગેન્દ્ર વ્યાસ

(૨) વિભક્તિવિચાર - ડૉ. અરવિંદ ભાડારી

(૩) ગુજરાતી લેખનકૌશલ્ય - ગુજરાતી સાહિત્ય પરિષદ

(૪) ભાષાવિવેક-ભાષાનિયામકની કચેરી, ગાંધીનગર

(૫) કહેવતકોશ - સં. રતિલાલ નાયક

## ૧.૯ સ્વાધ્યાય

(૧) અંગસાધનથી થતી શબ્દઘડતરની પ્રક્રિયાનું વિગતે વર્ણન કરો.

(૨) પદસાધનથી થતી શબ્દઘડતરની પ્રક્રિયાનું વિગતે વર્ણન કરો.

(૩) રૂઢપ્રયોગો અને રૂઢિપ્રયોગમાં થતાં શબ્દના વિનિયોગનું વર્ણન કરો.

(૪) રૂઢિપ્રયોગ અને કહેવતો વચ્ચેનો તફાવત સમજાવો.

(૫) કોઈ પણ પાંચ કહેવતો લઈ તેના વિનિયોગની પરિસ્થિતિ દર્શાવી તેનું વર્ણન કરો.

ignou
THE PEOPLE'S
UNIVERSITY